| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦**<br>**ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૦૭/૦૬/૨૦૨૫ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૭૨/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૬૦ લીટર દેશી દારૂ, ૧૭૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૭૩/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ 03 વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### સોનાની ચેઇનો તોડી લઇ ગયાઃ સમાચાર યાદી નં.૭૭૪/૨૦૨૫

**નરોડાઃ** ભારતીબહેન વા/ઓ કમલેશભાઇ ગાભાજી ઠાકોર (ઉ.વ.૪૭)(રહે.હંસપુરા રેસીડેન્સી ઝુડીયો શો રૂમ સામે હંસપુરા નરોડા) એ તા.૦૬/૦૬/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર આગળ એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૫ વર્ષના આશરાના) એ ભેગામળી ભારતીબહેનના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૫૫,૦૦૦/- તથા બીજી સોનાની ચેઇન ૧,૩૫,૦૦૦/- મળી બંને ચેઇન કુલ રૂપિયા ૨,૯૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.જોરા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૭૫/૨૦૨૫**

**સોલા હાઇકોર્ટઃ** નીસર્ગભાઇ પ્રકાશભાઇ મોદી (ઉ.વ.૩૨)(રહે.આનંદ બંગ્લોઝ, કેમ્બે ગ્રાન્ડ હોટેલની બાજુમાં થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૫ રાતના ૯/૩૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન સોલા ભાગવત મંદીરની બાજુમાં સુયોજન ફ્લેટ ખાતે પાર્ક કરેલ પોતાની ઇનોવા કારનો પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી બેગની ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૨,૨૫,૦૦૦/- તથા બે હાર્ડ ડ્રાઇવ અને અગત્યના દસ્તાવેજો મુકેલ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૭૬/૨૦૨૫**

**શહેરકોટડાઃ** નરોડા રોડ ચામુંડા બ્રીજ પાસે, રેલ્વે ડી.આર.એમ. ઓફિસ ખાતે રહેતા અને ત્યાંજ કડીયાકામ કરતા અર્જુનભાઇ માવજીભાઇ માવી (ઉ.વ.૩૦) નાઓ તા.૦૬/૦૬/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ડી.આર.એમ. ઓફિસના બિલ્ડીંગના ત્રીજા માળે કડીયાકામ કરતા હતા ત્યારે અકસ્માતે વચ્ચેની ગેપમાથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલમા દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૬/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સિદ્ધરાજભાઇ ગુડાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૭૭/૨૦૨૫**

**નિકોલઃ** મયુરભાઇ ઇંદ્રુભાઈ પટેલ (ઉ.વ.૪૮)(રહે.ગોવર્ધન ગેલેક્ષી બંગ્લોઝ, નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બીજા માળે છતની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ કંટ્રોલરૂમ,
અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી